# ભાવનગર જિલ્લા આચાર્ય સંઘ (ગ્રામ્ય)

## વાર્ષિક પરીક્ષા : 2018

### ધોરણ 11 [વાણિજ્ય પ્રવાહ]

સમય : 3 કલાક | વિષય : નામાનાં મૂળતત્ત્વો | કુલ ગુણ : 80

N 4208

સૂચનાઓ : (1) આ પ્રશ્નપત્રમાં કુલ 30 પ્રશ્નો છે. બધા જ પ્રશ્નો ફરજિયાત છે.
(2) ફૂટપટ્ટી તેમજ પેન્સિલનો ઉપયોગ જરૂરી છે.

**વિભાગ A**

નીચેના પ્રશ્નો માટે આપેલા વિકલ્પોમાંથી સાચો વિકલ્પ પસંદ કરીને જવાબ લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]* 8

1. વેપારી ધંધાનો માલ રોકડેથી કે શાખ પર મેળવે તેને શું કહે છે?
(a) ખરીદી (b) વેચાણ (c) ખરીદ-પરત (d) મિલકત
2. શાખના વ્યવહારમાં શાની લેવડ-દેવડ થતી નથી?
(a) રોકડની (b) માલની (c) મિલકતની (d) આપેલ પૈકી એક પણ નહિ
3. માલની રોકડ ખરીદી થાય ત્યારે ...
(a) મિલકત વધે – મૂડી વધે. (b) એક વધે – અન્ય ઘટે. (c) મિલકત વધે – દેવું વધે. (d) મૂડી વધે – દેવું ઘટે.
4. કાયમી મિલકતો પર ઘસારો કયા સિદ્ધાંત મુજબ ગણવામાં આવે છે?
(a) હિસાબી મુદતના (b) ડહાપણ યોગ્યતાના (c) પેઢીના સાતત્યના (d) દ્વિઅસરના
5. ઇન્ટરનૅશનલ અકાઉન્ટિંગ સ્ટાન્ડર્ડ બોર્ડ (IASB) આંતરરાષ્ટ્રીય હિસાબી ધોરણો બનાવવાની જવાબદારી ક્યારથી સ્વીકારી છે?
(a) 1 – 4 – 2000થી (b) 1 – 4 – 2001થી (c) 1 – 4 – 2002થી (d) 1 – 4 – 2003થી
6. એકનોંધી હિસાબી પદ્ધતિનો ઉપયોગ કોણ કરે છે?
(a) મોટા વેપારીઓ (b) પરચૂરણ ધંધો કરનારા (c) જાહેર કંપનીઓ (d) સરકારી કંપનીઓ
7. હાર્ડવેરમાં કોનો સમાવેશ થતો નથી?
(a) પેન ડ્રાઇવ (b) પ્રિન્ટર (c) ટેલી (d) કી-બોર્ડ
8. સિસ્ટમ ઍનાલિસ્ટનો સમાવેશ ક્યાં થાય છે?
(a) હાર્ડવેરમાં (b) સૉફ્ટવેરમાં (c) હ્યુમનવેરમાં (d) આપેલ પૈકી એક પણ નહિ

**વિભાગ B**

નીચેના પ્રશ્નોના *એક-બે* વાક્યોમાં જવાબ લખો : *[પ્રત્યેકનો 1 ગુણ]* 7

9. અદશ્ય મિલકતોનાં ચાર ઉદાહરણો આપો.
10. સેવાના રોકડ વ્યવહારનું ઉદાહરણ આપો.
11. ખાતું (Account) એટલે શું?
12. પાકા સરવૈયાનાં બે અંગો જણાવો.
13. હિસાબી એકમમાં કોનો કોનો સમાવેશ થાય છે?
14. ભારતમાં મધ્યસ્થ સરકારે કોની સાથે ચર્ચા કરીને તા. 1 – 4 –'15થી અમલમાં આવે તે રીતે કંપનીઝ નિયમો, 2015 બહાર પાડ્યા છે?
15. એકનોંધી પદ્ધતિમાં શા માટે કાચું સરવૈયું તૈયાર કરી શકાતું નથી?

**વિભાગ C**

નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : *[પ્રત્યેકના 3 ગુણ]* 27

16. નીચેના વ્યવહારો જવનિકની આમનોંધમાં લખો :

2017
જુલાઈ 1 ₹ 50,000 રોકડા, ₹ 20,000ના દેવાદારો, ₹ 10,000નો માલ સ્ટૉક તથા ₹ 5,000ના લેણદારો લાવી ધંધો શરૂ કર્યો.
2 વિજયા બૅન્કમાં ₹ 20,000 રોકડ ભરી ખાતું ખોલાવ્યું.
3 ₹ 20,000નો માલ સમૂલ પાસેથી 10 % વેપારી વટાવ અને 10 % રોકડ વટાવે ખરીદ્યો. અડધાં નાણાં ચેકથી ચૂકવ્યાં.



http://www.gsebonline.com
http://www.gsebonline.com
http://www.gsebonline.com

**17.** નીચેના વ્યવહારો અનંતરાયની આમનોંધમાં લખો :

2017

સપ્ટેમ્બર 3 આગમાં ₹ 2,000નો માલ નાશ પામ્યો, જેનો વીમાકંપનીએ ₹ 1,500નો દાવો મંજૂર કર્યો. આગથી બળી ગયેલ માલના ₹ 200 ઊપજ્યા.

7 પુત્રના જિંદગીનું વીમા-પ્રીમિયમ ₹ 1,450 અને આગના વીમાનું પ્રીમિયમ ₹ 2,550 બંને ચેકથી ચૂકવ્યા.

10 નિરમા કંપનીએ 30 નંગ સાબુની ગોટી નમૂના તરીકે મફત આપી, જે ₹ 250માં વેચી દીધી.

**18.** અભિષેક સ્ટોર્સ કે જે લોખંડના વેપારી છે. તેમના ચોપડે ખર્ચની નોંધ સહિતની ખરીદનોંધ તૈયાર કરો. તેઓ મૂલ્યવૃદ્ધિ વેરો, રેલવેનૂર, મજૂરી જેવા ખર્ચાઓ નોંધવા અલગ ખાનાં રાખે છે.

2017

એપ્રિલ 1 મંગલ સ્ટોર્સ પાસેથી ₹ 50,000નો માલ 10 % વેપારી વટાવે ખરીદ્યો. મૂલ્યવૃદ્ધિ વેરો 5 %, મજૂરીના ₹ 2,000 અને રેલવેનૂરના ₹ 5,000 તેમના ભરતિયા નંબર 51માં દર્શાવેલ છે.

20 ₹ 40,000નો માલ વિનિત પાસેથી 10 % વેપારી વટાવે ખરીદ્યો. જેમાં મૂલ્યવૃદ્ધિ વેરાના 5 %, મજૂરીના ₹ 1,000 અને રેલવેનૂરના ₹ 2,500 લેખે બિલ નંબર 251 મળ્યું. વિનિતને અડધાં નાણાં તરત જ ચૂકવી દીધાં.

25 ₹ 35,000નું યંત્ર એક માસની શાખ પર પૂજા પાસેથી ખરીદ્યું. યંત્ર લાવવાની મજૂરી ₹ 2,000 થઈ, જે રોકડમાં ચૂકવવામાં આવી.

30 અનુષ્કા પાસેથી ₹ 25,000નો માલ 10 % વેપારી વટાવે અને 5 % રોકડ વટાવે ખરીદ્યો. ભરતિયા નંબર 44 મળ્યું. જેમાં મૂલ્યવૃદ્ધિ વેરાના 5 % અને રેલવેનૂરના ₹ 500 દર્શાવેલ છે.

**19.** નીચેના વ્યવહારો મન્નતની ખાસ આમનોંધમાં નોંધો :

(1) રમણિકે આપણને ચૂકવવાના ₹ 9,000ના બદલામાં હૂંડી સ્વીકારી પરત કરી.

(2) ₹ 4,500નો માલ પ્રીતે આપણને પરત કર્યો.

(3) વેચાણ-પરત ખાતું ₹ 5,400થી બંધ કરવાની નોંધ લખો.

**20.** નીચે આપેલી આમનોંધ પરથી દેવાંશીની ખાતાવહીમાં જરૂરી ખાતામાં માત્ર ખતવણી કરો :

દેવાંશીની આમનોંધ

| તારીખ | વિગત | ખા. પા. | ઉધાર ₹ | જમા ₹ |
|---|---|---|---|---|
| 1 – 4 – '17 | રોકડ ખાતે ઉ. | | 10,000 | |
| | એલિસા (દેવાદાર) ખાતે ઉ. | | 9,000 | |
| | માલ-સ્ટૉક ખાતે ઉ. | | 26,000 | |
| | તે ભવ્ય (લેણદાર) ખાતે | | | 5,000 |
| | તે મૂડી ખાતે | | | 40,000 |
| | (બા. જે રોકડ, દેવાદાર, સ્ટૉક અને લેણદારો લાવી ધંધો શરૂ કર્યો તેના) | | | |

**21.** નીચેની બાકીઓ પરથી કાચું સરવૈયું તૈયાર કરો :

| ખાતાંનું નામ | રકમ ₹ | ખાતાંનું નામ | રકમ ₹ |
|---|---|---|---|
| શરૂઆતનો સ્ટૉક | 7,440 | મશીનરી | 24,640 |
| મજૂરી | 4,000 | વીજળીખર્ચ | 920 |
| વેચાણ જાવક | 48,000 | મૂડી | 16,000 જમાબાકી |
| સમારકામ | 800 | ઑફિસ પગાર | 1,000 |
| વેરો | 600 | પેટન્ટ | 400 |
| મકાન | 22,400 | બૅન્કસિલક | 1,800 |

**22.** જોગવાઈનું મહત્ત્વ શું છે?

**23.** સંજયના હરનિશ પ્રત્યે લેણાં ₹ 78,000 હતાં. તા. 20 – 6 –'17ના રોજ સંજયે હરનિશ પર જરૂરી રકમની ચાર માસની મુદતની હૂંડી લખી, જે હરનિશે સ્વીકારી પરત કરી. તા. 15 – 10 –'17ના રોજ હરનિશે સંજયને જૂની હૂંડી રદ કરી ₹ 1,600ના વ્યાજ સાથેની નવી હૂંડી બે માસની મુદત માટે લખવા વિનંતી કરી. સંજયે હરનિશની વિનંતી મંજૂર રાખી અને જરૂરી રકમની નવી હૂંડી લખી આપી, જેનો હરનિશે સ્વીકાર કર્યો.

સંજયના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**અથવા**

**23.** સનીએ તા. 16 – 6 –'17ના રોજ ₹ 52,000નો માલ વિષ્ણુભાઈને વેચ્યો. જેની સામે તા. 20 – 6 –'17ના રોજ વિષ્ણુભાઈએ ₹ 52,000ની ત્રણ માસની હૂંડી સ્વીકારી. તા. 2 – 7 –'17ના રોજ સનીએ આ હૂંડી ₹ 520ના વટાવે બૅન્કમાં વટાવી. પાક્યા તારીખે વિષ્ણુભાઈએ હૂંડી ચૂકવી આપી.

સનીના ચોપડે જરૂરી આમનોંધ લખો.

**24.** પારિભાષિક શબ્દો સમજાવો : (1) વિગત ખાતું (2) શાહ ખાતું (3) આવરો



http://www.gsebonline.com
http://www.gsebonline.com
http://www.gsebonline.com

## વિભાગ D

નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : *[પ્રત્યેકના 4 ગુણ]* 8

**25.** નીચે આપેલા વ્યવહારો પરથી શ્રી માનસીનો ત્રણ ખાનાંવાળો રોકડમેળ તૈયાર કરો :

2017

સપ્ટે. 1 રોકડસિલક ₹ 10,000; બૅન્ક ઓવરડ્રાફ્ટ ₹ 5,000.

2 કેવલ પાસેથી ₹ 5,000નો માલ 10 % વેપારી વટાવે અને 2 % રોકડ વટાવે રોકડેથી ખરીદ્યો.

6 જ્યોતિ પાસેથી ₹ 10,000નાં લેણાં પેટે ચૂકતે હિસાબના ₹ 8,000 NEFT દ્વારા અને ₹ 1,900 રોકડા મળ્યા.

10 વિનોદને પગારના ₹ 500 NEFT દ્વારા તથા ₹ 100 ભાડાના રોકડા ચૂકવ્યા અને બૅન્કે ₹ 3 ચાર્જના વસૂલ લીધા.

15 ₹ 3,000નો માલ કાશ્મીરાબહેનને રોકડેથી વેચ્યો. http://www.gsebonline.com

20 ₹ 500 ઑફિસખર્ચ માટે અને ₹ 350 ઘરખર્ચ માટે ઉપાડ્યા.

25 ₹ 3,000નું યંત્ર ખરીદ્યું અને યંત્રને બેસાડવાની મજૂરીના ₹ 250 ચૂકવ્યા.

30 ₹ 1,000 રોકડા હાથ પર રાખી બાકીના બૅન્કમાં ભર્યા. 175200

**26.** શ્રી બલરામના તા. 31 – 3 – '17ના રોજ પૂરા થતા વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરતા પહેલાં નીચે શોધેલ ભૂલો સુધારવા ભૂલ-સુધારણા નોંધ તૈયાર કરો :

(1) ₹ 5,000ના ખરીદેલ માલની નોંધ કરવાની રહી ગઈ છે.

(2) ₹ 6,000નો માલ નયના પાસેથી ખરીદેલ જે ભૂલથી વેચાણનોંધમાં નોંધાયો છે.

(3) રેખાએ સ્વીકારેલી આપણી ₹ 1,900ની લેણીહૂંડીની ચોપડામાં નોંધ ₹ 1,000થી થઈ છે.

(4) અમીતાને વેચેલ ₹ 1,200ના માલની નોંધ ખરીદનોંધમાં ₹ 200થી કરવામાં આવી છે.

## વિભાગ E

નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ જવાબ આપો : *[પ્રત્યેકના 6 ગુણ]* 18

**27.** તા. 31 – 12 – '17ના રોજ શ્રી સુધીરનો રોકડમેળ ₹ 6,000ની બૅન્કસિલક દર્શાવે છે. નીચેની માહિતી પરથી તેમનો બૅન્કસિલક-મેળ તૈયાર કરો :

(1) તા. 29 – 12 – '17ના રોજ ₹ 9,000ના ચેક બૅન્કમાં ભરેલ પરંતુ તા. 31 – 12 – '17 સુધી આ ચેક બૅન્કે પાસબુકમાં જમા કરેલ નથી. (2) ₹ 7,000નો ચેક તા. 30 – 12 – '17ના રોજ બૅન્કમાં વસૂલાત માટે મોકલેલ જે તા. 31 – 12 – '17 સુધી બૅન્કે વસૂલ કરેલ નથી. (3) ₹ 3,000નું વીજળીબિલ ચૂકવવા માટે તા. 28 – 12 – '17ના રોજ ચેક આપેલ જે તા. 31 – 12 – '17 સુધી બૅન્કે પાસબુકમાં ઉધારેલ નથી. (4) ₹ 3,000નો ચેક તા. 27 – 12 – '17ના રોજ લખીને લેણદારને આપેલ પરંતુ તા. 31 – 12 – '17 સુધી આ ચેક બૅન્કમાં રજૂ થયેલ નથી. (5) બૅન્કે પાસબુકમાં વ્યાજના ₹ 90 જમા કરેલ છે, જે રોકડમેળમાં ઉધારેલ નથી. (6) બૅન્કે ₹ 100 બૅન્કચાર્જિસના પાસબુકમાં ઉધારેલ છે, જે રોકડમેળમાં જમા કરેલ નથી.

**28.** કૌશિક કૉર્પોરેશને તા. 1 – 4 – '14ના રોજ ₹ 1,24,000નું એક યંત્ર ખરીદ્યું. આ યંત્રને લાવવાનો તથા ગોઠવવાનો ખર્ચ ₹ 16,000 થયો. યંત્રને ઉપયોગમાં લાવતાં પહેલાં ₹ 20,000નો સમારકામ ખર્ચ થયો. તા. 1 – 10 – '15ના રોજ બીજું નવું યંત્ર ₹ 1,36,000માં ખરીદ્યું, જેનો ગોઠવવાનો ખર્ચ ₹ 8,000 થયો. પ્રથમ ખરીદેલ યંત્ર તા. 30 – 9 – '16ના રોજ તેની ચોપડે કિંમત પર 40 % નુકસાન સાથે વેચી દીધું. તા. 31 – 3 – '17 સુધીનું યંત્ર ખાતું તૈયાર કરો અને વાર્ષિક હિસાબોમાં 2014 – '15ના વર્ષની હિસાબી અસર દર્શાવો. કંપની યંત્રો પર દર વર્ષે 10 % લેખે સીધી લીટીની પદ્ધતિ પ્રમાણે ઘસારો ગણે છે.

**29.** સૂર્યા ક્લબની નીચેની વિગતો પરથી તા. 31 – 3 – '18ના રોજ પૂરા થતા વર્ષનું આવક-જાવક ખાતું તથા ઊપજ-ખર્ચ ખાતું તૈયાર કરો :

| વિગત | રકમ ₹ | વિગત | રકમ ₹ |
|---|---|---|---|
| લવાજમ (2016 – '17ના ₹ 6,000 સહિત) | 60,000 | સ્ટેશનરી-છપામણી (ગયા વર્ષનું એક બિલ ₹ 1,000 સહિત) | 4,000 |
| વર્ષના અંતે બાકી લવાજમ | 4,000 | પ્રવેશ ફી (100 % મૂડીકૃત) | 4,000 |
| દાન (મહેસૂલી) | 6,000 | વારસો | 10,000 |
| ફર્નિચરની ખરીદી | 14,000 | સેક્રેટરીને માનદ્વેતન (ગત વર્ષના ₹ 800 સહિત) | 9,600 |
| રમતગમતનાં સાધનોની ખરીદી | 8,000 | માનદ્વેતન ચૂકવવાનું બાકી | 800 |
| વર્તમાનપત્રોનું લવાજમ | 3,000 | પોસ્ટેજ | 2,000 |
| જૂના ફર્નિચરનું વેચાણ (ચોપડે કિંમત ₹ 1,000) | 400 | પરચૂરણ ખર્ચા | 2,000 |
| શરૂઆતની રોકડ અને બૅન્કસિલક | 12,000 | સાંસ્કૃતિક કાર્યક્રમની આવક | 16,000 |
| ચૂકવેલ ભાડું | 5,600 | સાંસ્કૃતિક કાર્યક્રમનો ખર્ચ | 12,000 |
| બૅન્કખર્ચ | 200 | ફર્નિચરનો ઘસારો | 1,000 |
| રોકાણોની ખરીદી | 20,000 | રોકડની આખર સિલક | 28,700 |
| રોકાણો પર વ્યાજ | 700 | | |



http://www.gsebonline.com

http://www.gsebonline.com

http://www.gsebonline.com

**વિભાગ F**

નીચેના પ્રશ્નનો માગ્યા મુજબ જવાબ આપો : 12

**30.** મયૂરનું તા. 31 – 3 –'18ના રોજનું કાચું સરવૈયું નીચે મુજબ છે :

તા. 31 – 3 –'18ના રોજનું કાચું સરવૈયું

| ખાતાનું નામ | ખા. પા. | ઉધાર બાકી ₹ | જમા બાકી ₹ |
|---|---|---|---|
| કાચો નફો | | – | 2,90,000 |
| પગાર | | 54,000 | – |
| સામાન્ય ખર્ચા | | 6,600 | – |
| કરવેરા-વીમો | | 7,200 | – |
| પરચૂરણ દેવાદારો | | 1,20,000 | – |
| આખર સ્ટૉક | | 13,200 | – |
| બૅન્ક ઓવરડ્રાફ્ટ | | – | 6,000 |
| કમિશન | | – | 19,000 |
| જાહેરાત ખર્ચ | | 9,000 | – |
| વ્યાજ | | 3,000 | – |
| ફર્નિચર | | 48,000 | – |
| મકાન | | 1,80,000 | – |
| મોટરકાર | | 60,000 | – |
| મૂડી | | – | 1,42,800 |
| ઉપાડ | | 6,000 | – |
| ઘાલખાધ | | 3,600 | – |
| ઘાલખાધ અનામત | | – | 6,000 |
| લોન | | – | 24,000 |
| લેણદારો | | – | 12,000 |
| લેણીહૂંડી | | 3,000 | – |
| દેવીહૂંડી | | – | 9,600 |
| જાવકમાલ ગાડાભાડું | | 4,000 | – |
| આપેલ વટાવ | | 3,200 | – |
| મળેલ વટાવ | | – | 2,400 |
| સામાન્ય અનામત | | – | 30,000 |
| રોકડસિલક | | 21,000 | – |
| કુલ સરવાળો | | 5,41,800 | 5,41,800 |

હવાલાઓ :

(1) ₹ 1,200નું વીમા-પ્રીમિયમ તા. 30 – 9 – '18ના રોજ પૂરા થતા વર્ષનું છે.

(2) ₹ 2,000 કમિશન મળવાનું બાકી છે.

(3) મૂડી પર 10 % વ્યાજ ગણવાનું છે.

(4) ફર્નિચર પર 5 % ઘસારો ગણો.

(5) ₹ 20,000ના દેવાદારોમાંથી 50 % રકમ ઘાલખાધ તરીકે માંડી વાળો.

ઉપરની માહિતી પરથી મયૂરના તા. 31 – 3 – '18ના રોજ પૂરા થતા વર્ષના વાર્ષિક હિસાબો તૈયાર કરો.

http://www.gsebonline.com
http://www.gsebonline.com



http://www.gsebonline.com